

જૂન મહિનાની પહેલી તારીખ એટલે સર્વ સામાન્ય બર્થ ડે... અગાઉ જ્યારે જન્મની તારીખ કે સમય નોંધવાનો રીવાજ નહોતો ત્યારે ૧લી જૂનની તારીખ નાંખીને મા-બાપ બાળકોનો શાળામાં પ્રવેશ કરાવી દેતા હતા. આથી ઘણા વડીલોની નોંધાયેલી જન્મ તારીખ ૧લી જૂન હોય છે. આવા વડીલોના જન્મ દિવસની ઉજવણી સેક્ટર-૬ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી હતી. વડીલોને બુકે તેમજ ગીફ્ટ આપીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ અવસરે પ્રમુખ ચંદ્રકાંત સોની, કિરણભાઈ વ્યાસ, બાબુભાઈ પ્રજાપતિ, પાર્થ વાળા તેમજ હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાલવા ચોકડી પાસે પોલીસ સ્ટેશન બંધ હાલતમાં

**જાગૃત નાગરિક દ્વારા આ અંગે ફરિયાદ કરવામાં આવી હતી કે બાલવા માણસા તાલુકામાં હોવા છતાં ફરીયાદ નોંધવામાં આવતી નથી**

ગાંધીનગર, તા. ૧

બાલવા ચોકડી પર છેલ્લા પાંચ વર્ષથી પોલીસ સ્ટેશન છે જે બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે. એક જાગૃત નાગરિક દ્વારા આ અંગે ફરિયાદ કરવામાં આવી હતી કે બાલવા માણસા તાલુકામાં હોવા છતાં ફરીયાદ નોંધવામાં આવતી નથી. પોલીસ જવાનો દ્વારા ફરિયાદીને કલોલ તાલુકામાં જઈને ફરિયાદ નોંધવાનું કહેવામાં આવે છે. બાલવાના નાગરિકોને ત્યાં પોલીસ સ્ટેશન હોવા છતાં દૂર ફરિયાદ નોંધાવા જવાનો વારો આવ્યો છે. તેથી બાલવા ચોકડી પાસે જે બંધ હાલતમાં પોલીસ સ્ટેશન છે તેનો કોઈ અર્થ રહેતો નથી તેવી ફરિયાદો ઉઠી રહી છે તથા ચોકડી પર સર્કલ નાનુ હોવાથી અકસ્માતો વારંવાર થઈ રહ્યા છે. તંત્રની બેદરકારીના કારણે લોકોને ફરિયાદ નોંધાવવા માણસા જવું પડે છે. જો કે ત્યાં પણ ફરિયાદ નોંધાતી નથી તેથી બાલવાના લોકો દ્વારા ફરિયાદની નોંધણી અંગે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# મધુર ડેરી દ્વારા ખોડીયારમાંના મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણેની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

૧ જૂનના રોજ મધુર ડેરીના પટાંગણમાં આવેલ ખોડીયારમાંના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હોમ હવન પૂરી શ્રદ્ધા ને આરાધના સાથે ઉજવણી કરવામાં આવી હતી. પૂજા અર્ચના અને હોમ હવન એ આપણા ભારત દેશની સંસ્કૃતિ છે. જેથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણા તથા તેઓનું નિયામકમંડળ, ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને મહેમાનો સહિત સમસ્ત મધુર પરીવારજનોની ઉપસ્થિતિમાં મા ના હવનનું આયોજન કર્યુ હતું. અને અંતમાં માતાજીની આરતી અને ફેસબૂકના માધ્યમ દ્વારા બહોળી સંખ્યામાં દૂદ ઉત્પાદકો, દૂધ વાપરનાર શહેરી તથા ગ્રામ્યજનોએ આરતીના લાઈવ દર્શન કર્યા હતા.



મા ખોડિયારને સમગ્ર મધુર પરીવારે ઉચ્ચ નાદે જય ઘોષ કરીને સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું અને ભાવવિભોર થઈને મા ના દર્શન કર્યા હતા. માનો પ્રસાદ લઈને સર્વે ધન્યતા અનુભવી હતી.



**ઝુંપડપટ્ટીનાં બાળકોને હોટલમાં ભોજન :** સે.૨૩ના ફૂટપાથ પર રાત્રે ચાલતા અક્ષરજ્ઞાન વર્ગનાં બાળકોને નિષ્ઠા ફાઉન્ડેશન તરફથી હોટલમાં સારી રસોઈ જમાડવામાં આવી હતી. જરુરિયાતમંદ વર્ગના આ બાળકોએ પહેલીવાર હોટલમાં જમવાનો આનંદ મનભરીને માણ્યો હતો.

# વિશ્વ પર્યાવરણ દિવસે રેડિઅન્ટ સ્કૂલ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગરમાં આગામી તા.૫મી જુન, રવિવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વિવિધ રીતે કરાશે જેમાં રેડિઅન્ટ સ્કૂલ અને પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત સૌજન્યથી આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે "વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી 'ઓન્લી વન અર્થ'ની થીમ સાથે વિશ્વભરમાં ઉજવાશે.

આગામી વિશ્વ પર્યાવરણ દિવસે સરગાસણ ટીપી-૯માં રેડિઅન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે સવારના ૯ થી બપોરના ૧૨.૩૦ સુધી રેડિઅન્ટ સ્કૂલ અને પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત સૌજન્યથી આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કુડાસણના પંચ મહાભુતા નેચર ક્યોર સેન્ટરના ડૉ. રવિ રૂપારેલિયા દ્વારા સવારના ૧૦થી ૧૦.૩૦ દરમ્યાન આયુર્વેદિક વિષયે વકતવ્ય વિવિધ શંકાના સમાધાન સાથે શરીરના સોજા, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેસર, યુરિક એસિડ થાયરોઈડ, માઈગ્રેન વગેરે રોગોના કારણ અને સારવારની સમજણ અપાશે. આ ઉપરાંત ડૉ. ધ્રુમિન પ્રજાપતિ દ્વારા ફેફસાંને લગતા તમામ રોગોની ફ્રી તપાસ અને ટીબી, દમની બીમારી, નસકોરાં બોલવા વગેરે અંગે સારવાર માટે માર્ગદર્શન, લિટલ મીરેકલ્સ "બાળકોની સુપર સ્પેશિયયાલિટી હોસ્પિટલ દ્વારા બાળકોને લગતા તમામ રોગોની વિના મૂલ્યે તપાસ અને માર્ગદર્શન, જ્યોતિ પેથોલોજી અને ડાયાગ્નોસીસ સેન્ટર કુડાસણ ડો.ભૂમિકા રાઠોડ દ્વારા સુગર, કોલેસ્ટ્રોલ અને બ્લડ ગ્રુપની નિઃશુલ્ક તપાસ સાથે હેલ્થ ચેકઅપ પ્લાન જેમાં સીબીસી, યુરિન તપાસ, ક્રિએટાઈમીન, સુગર, એસજીપીટી, કોલેસ્ટ્રોલ, ટીએસએચ, વિટામીન બી-૧૨ અને વિટામીન-ડીના ટેસ્ટ વગેરે રાહતદરે કરી આપવાની સેવા આપવામાં આવશે. સરગાસણ ટીપી-૯ના રહેવાસીઓને આ કેમ્પનો લાભ લેવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# 'દિવા સમર કેમ્પ' ખાતે નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી યોજાઈ

ગાંધીનગર : તા.૧

ગાંધીનગરમાં વાવોલ વિસ્તારમાં વૈદેહી એલિગન્સ ખાતે ઉનાળુ વેકેશનમાં બાળકો રજાઓના ફાજલ સમયનો સદુપયોગ કરીને નવી નવી રચનાત્મક બાબતો શીખી શકે છે તે હેતુથી દિવા સમર કેમ્પ ચાલી રહ્યો છે. દિવા સમર કેમ્પમાં વિના મૂલ્યે આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો સમર કેમ્પના બાળકો સહિત આસપાસના વિસ્તારના અનેક રહીશોએ લાભ લીધો હતો. કેમ્પમાં આરોગ્ય ચેકઅપની સેવા ટીંટોડા ખાતેના સરકારી આયુર્વેદીક દવાખાના તરફથી પુરી પાડવામાં આવી હતી ટીંટોડા ખાતેના સરકારી આયુર્વેદ દવાખાના તરફથી પુરી પાડવામાં આવી હતી જેમાં બાળકોને આરોગ્ય જાળવણી માટે માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે દિવા સમર કેમ્પમાં વાવોલ અને ગોકુલપુરાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવ્યો છે.



# ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ-૨ના બે પોલીસ કર્મચારીઓનું સન્માન



ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ-૨ના પોલીસ કર્મચારીઓને માનનીય પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે ઈ-કોપ ઓફ ધ મન્થ-એપ્રીલ-૨૦૨૨નો એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.




આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે દીલ્હી મુંબઈ એકસપ્રેસ વે અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ના આર ઓ દિગ્વિજય મિક્ષાના હસ્તે આજે ગાંધીનગરમાં કર્મચારીઓનુ સન્માન કરવા માટે એક કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ. જેમાં બરોડા થી મુંબઈ એકસપ્રેસ વે ના નિર્માણમાં ઉમદા કામગીરી કરવા બદલ એલ એન ટી ના ચાર એન્જિનિયર રાકેશ નંદા , સપ્તઋષિ જહાં , વિરાંજલુ , ફોરમ હીરપરા સહીતના કર્મચારીઓનુ સન્માન કરાયુ હતુ. આ દરમિયાન આ કર્મચારીઓને પ્રસસ્તિ પત્ર એનાયત કરી પ્રોત્સાહીત કરાયા હતા.

# 'મન મોર બની થનગાટ કરે' દ્વારા શિવરંજનીના સ્વર્ણિમ વર્ષની શરૂઆત

ગાંધીનગર, તા. ૧

કોરોનાકાળમાં પણ ઓનલાઈન કાર્યક્રમો રજુ કરી ગાંધીનગરમાં સતત સંગીતને ધબકતું રાખવાનો પ્રશસ્તિજન્ય પ્રયાસ કરનારી 'શિવરંજની-ગાંધીનગર' તેના સ્વર્ણિમ વર્ષ ૨૦૨૨-૨૩ની ધમાકેદાર શરૂઆત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગ થકી વિશ્વવિખ્યાત લોકગાયક 'ઓસ્માન મીર'ના લોકડાયરા-લોકસંગીત-ગઝલની રમઝટ તથા દેશભક્તિના ગીતો અને શોર્યગીતોની સરવાણીથી કરી રહી છે. 'મન મોર બની થનગાટ કરે'ના લોકગીતને રજતપટ પર રજુ કરી ગુજરાતનું ગૌરવ વધારનાર



એવા વિશ્વવિખ્યાત લોકગાયક ઓસ્માન મીર અને તેમના સાથીદારો દ્વારા ગાંધીનગર ખાતે આગામી તા. ૪ જૂનના રોજ આ કાર્યક્રમ રજૂ થઈ રહ્યો છે ત્યારે સતત ૩ કલાકની તેમની અવિરત રમઝટને માણવી એક અનેરો લ્હાવો છે. હાલના સમયમાં રીનોવેશનના કારણે ટાઉનહોલ નહીં મળી શકતાં આ કાર્યક્રમ શ્રી સ્વામીનારાયણ સત્સંગ ભવન, ગુરૂકુળ, ઘ-૫ પાસે, સેક્ટર-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે. 'શિવરંજની' દ્વારા સંસ્થાના સભ્યો માટે યોજાતા આ કાર્યક્રમમાં આ વખતે ગાંધીનગરની તમામ લોકસાહિત્ય અને સંગીતપ્રેમી જનતાને હાર્દિક નિમંત્રણ છે.

# આજે શહેર વસાહત મહાસંઘમાં પ્રમુખનો જન્મદિવસ ઉજવાશે

ગાધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલાનો તા ૨-૬-૨૦૨૨ ના રોજ જન્મ દિવસ હોય તેઓને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવાનો કાર્યક્રમ સેકટર-૫ યોગ પરિવાર, સેકટર-૫ વસાહત મંડળ તથા સાથે સાથે ગાધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પણ જન્મ દિવસ નિમિતે શુભેચ્છાઓ આપવા માટે સેકટર-૫ જાહેર બગીચામાં યોગ પરિવારના સંયુક્ત ઉપક્રમે સવારે ૬-૪૫ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહાનગર પાલિકાના પુર્વ મેયર નાજાભાઈ ધાંધર પણ શુભેચ્છાઓ આપવા પધારવાના છે. પ્રસંગને દિપાવવા ગાધીનગર શહેર વસાહત મહાસંઘના પદાધિકારીઓ સેકટર-૫ વસાહત મંડળના હોદેદારો, યોગ પરિવારના સર્વે સભ્યો એ સમયસર હાજર રહી શુભેચ્છાઓ આપવા સહભાગી બનવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલાના જન્મ દિવસના ભાગરૂપે તેઓ દ્વારા સવારે ૯ કલાકે મહાત્મા મંદિર પાસે સેકટર-૧૩ ઝુંપડપટ્ટીના ગરીબ બાળકોને ચોકલેટ બિસ્કિટ પેકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક હોદેદારોએ સહભાગી બનવા હાજર રહેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# વાવોલ બાયપાસ માર્ગ પર તાત્કાલિક સ્પિડબ્રેકર્સ લગાડાયાં

**નવા બનેલા આરસીસી રોડ પર ભારે વાહનોની અવરજવરથી અકસ્માતનું જોખમ હતું : રોડની આસપાસ વિકસેલી સોસાયટીઓના રહીશોમાં હાશ..!!**



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવાયેલા વાવોલ વિસ્તારમાં 'ક' રોડ પરથી પસાર થતાં ભારે વાહનો રહેણાંક વિસ્તારમાંથી પસાર ન થાય તે માટે બાયપાસ કરવા માટે નવો ૪૫ મીટરનો રોડ વિકસાવાયો છે. આ રોડનો તુલસી બંગ્લોઝ પાસેથી ઉવારસદ રોડને મળે છે તેટલો ભાગ ગુડા દ્વારા આરસીસી સ્ટ્રકચરમાં બનાવાયો છે જેના પરથી મોટી સંખ્યામાં જીઆઈડીસીના ભારે લોડીંગ વાહનો દિવસ-રાત સતત પસાર થઈ રહ્યાં છે. આ માર્ગ પર ટીપી-૧૩ના વિકાસ સાથે જ નવી અસંખ્ય રહેણાંક સોસાયટીઓ વિકસવા પામી છે જેના પગલે અકસ્માતનો ભય સતાવી રહ્યો હતો.

ગાંધીનગરથી અમદાવાદ તરફ જતાં આ બાયપાસ માર્ગ પરના વાવોલ-કલોલ રોડ તથા વાવોલ-ઉવારસદ રોડને જોડતા ૪૫ મીટરના એપ્રોચ રોડ પરની સોસાયટીઓના રહીશો દ્વારા છેલ્લાં કેટલાંક સમયથી સ્પિડબ્રેકર્સ લગાડવાં અંગે રજુઆતો કરવામાં આવી હતી જેના પગલે અકસ્માતનું જોખમ ઘટાડી શકાય. તાજેતરમાં આ બાબતે સ્થાનિક કોર્પોરેટર તથા શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલને રહીશો દ્વારા આ બાબતે રજુઆત કરવામાં આવતાં તેમણે તુરંત વાતની ગંભીરતા સમજીને સ્પિડબ્રેકર્સ લગાડવાનો નિર્ણય લીધો હતો અને તેનો તાત્કાલિક અમલ કરાવ્યો હતો. અત્યંત જોખમી બનેલા માર્ગ પર સ્પિડબ્રેકર્સ લાગી જતાં ૪૫ મીટર રોડની આસપાસ વિકસેલી સોસાયટીઓના રહીશોમાં હાશકારો ફેલાવા પામ્યો છે.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા ડાંગના વાંસકામ શ્રમિકોને અનાજ કીટ વગેરેનું વિતરણ



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની વિવિધ સેવાકાર્યો કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા જુદા જુદા વિસ્તારના જરૂરિયાતમંદ વડીલો, શ્રમિકોને હૂંફનો હાથ, સ્નેહનો સાદ ભાવથી અનાજ, કપડાં, સ્લીપર, નાસ્તો વગેરેનું વિતરણ કરવામાં આવે છે. શનિ અને રવિવારના રોજ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ડુંગરડા અને આસપાસના વાંસકામ કરી જીવન ગુજારતા શ્રમિક વડીલો, ભાઈ - બહેનોને અનાજની કીટ, કપડાં, સ્લીપર, નાસ્તો વગેરેનું એમના ફળિયે ફળિયે ફરીને પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને પેન્સિલ, રબર વગેરેનો સેટ, નાસ્તો અને સ્લીપર આપવામાં આવ્યા હતા. એ શ્રમિક પરિવારો સાથે આત્મીય ભાવે વાતો કરી એમના જીવન, કામ અંગે જાણકારી પણ મેળવવામાં આવી હતી.

આત્મનના સહયોગીઓ જવા - આવવાના લગભગ ૮૦૦ થી વધુ કિ.મી. ની સફર કરી ત્યાં પહોંચ્યા હતા. આ સેવા કાર્યમાં માનુશ્રી દિલીપભાઈ પટેલ, ડૉ. બીનાબેન પટેલ, અનિરુદ્ધભાઈ, પ્રજ્ઞાબેન પટેલ, કિશોરભાઈ પટેલ અને તુલજારામ મહેશ્વરી જોડાયા હતા. નિરમા યુનિ. માં ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની માનુશ્રી થોડા સમય પહેલાં અભ્યાસ પ્રવાસ નિમિત્તે એ વિસ્તારમાં ગઈ હતી, અને એ વાંસકામ કરતા શ્રમિકોની સ્થિતિ જોઈ ભાવુક બની હતી. એને વિચાર આવ્યો કે એમને કઈ રીતે મદદરૂપ બની શકાય. એણે આત્મન સંસ્થાના પ્રજ્ઞાબેનને વાત કરી અને આ વિતરણ કાર્ય માનુશ્રીના પિતા દિલીપભાઈ પટેલના સહયોગ તથા આત્મનના ઉપક્રમે ગોઠવાયું હતું. આ અગાઉ આત્મન દ્વારા શૂલપાણિ ઝાડી, ખારાઘોડા, સાંતલપુર, માણસા આસપાસનાં ગામનાં વડીલોને આવા પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સુપરકોમ્પ્યુટિંગ સુવિધા 'પરમ અનંતા' આઈઆઈટી ગાંધીનગર ખાતે કાર્યરત



ગાંધીનગર, તા. ૧

નેશનલ સુપરકોમ્પ્યુટિંગ મિશન હેઠળની સુપરકોમ્પ્યુટિંગ સુવિધા 'પરમ અનંતા' આજે આઈઆઈટી ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી છે. "અનંતા" નો અર્થ 'અનંત' અથવા 'અમર્યાદિત' થાય છે, જેનો હેતુ માત્ર આઈઆઈટી ગાંધીનગર ખાતેના વૈજ્ઞાનિક સમુદાયને જ નહીં પરંતુ તેની પડોશી શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગોને પણ જબરદસ્ત કોમ્પ્યુટેશનલ પાવર પ્રદાન કરવાનો છે.

નવી સુવિધા આઈઆઈટી ગાંધીનગરના વૈજ્ઞાનિક સમુદાય તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને ઈન્સ્ટિટ્યૂટની આસપાસના ઉદ્યોગોને તેમના સંશોધન અને વિકાસ પ્રયાસોને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે જબરદસ્ત કોમ્પ્યુટેશનલ પાવર પ્રદાન કરશે. તે સંસ્થાની સહયોગી આરએન્ડડી પ્રવૃત્તિઓને વધુ વેગ આપશે અને મજબૂત કરશે. મોટા પરિપ્રેક્ષ્યમાં, આ સુપરકોમ્પ્યુટિંગ સુવિધા દ્વારા સહાયિત તકનીકી અને સંશોધન પ્રગતિ આખરે વિવિધ સ્તરે લોકોના જીવનમાં પરિવર્તન લાવશે.